GJBK210000272023

| | |
|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ | ૧૫/૦૧/૨૦૨૪ |
| કેસ દાખલ તારીખ | ૧૫/૦૧/૨૦૨૪ |
| કેસ નિર્ણિત તારીખ | ૦૫/૦૬/૨૦૨૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અવધિ | ૦૨ | વર્ષ | ૦૪ | માસ | ૨૧ | દિવસ |

**<u>મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ફતેપુરા.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૧૦૨/૨૦૨૪</u>**

**આંક :**

શ્રી સરકાર ... **ફરીયાદી**

**<u>:: વિ રૂ ધ્ધ ::</u>**

પવનલાલ સોહનલાલ ચરપોટા

રહે.ધાલોલાપાડા,ભત્તાર,તા.અર્થુના,જી.બાંસવાડા ... **આરોપી**

**<u>ગુનો</u>–** ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯,૩૦૪–(અ),૩૩૭ તથા ધી એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ

.................................................................................

<u>ફરીયાદ પક્ષ તરફે</u> વિ.એ.પી.પી.શ્રી.એન.એમ.કટારા

<u>આરોપી તરફે</u> વિ.વ.શ્રી. એ.ડી.રાઠોડ

.................................................................................

**<u>–: ચુકાદો :–</u>**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૭/૩/૨૦૨૩ ના આશરે સવારના કલાક.૫/૦૦ થી કલાક:૭/૩૦ વાગ્યાના અરસામા કોઈપણ સમયે મોજે લખણપુર ગામે આ કામના ટ્રકના ચાલક આરોપીએ તેના કબજાની ટ્રક નં.NL.01.AB.9305 ની પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ટ્રકને પલટી ખવડાવી અકસ્માત કરી ટ્રકના કલીનર સુરેશભાઈ ભલીયાભાઈ ચરપોટા ઉ.વ.૨૨ રહે.ભત્તાર તા.અર્થુના જી.બાસવાડા (રાજસ્થાન) નાઓને શરીરના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી ટ્રકના ચાલકે પોતાને શરીરે ઈજા પહોચાડી, ગુનો કરેલ હોય તે મુજબની ફરીયાદ આરોપી વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ આપેલ જે ફતેપુરા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં .૦૦૬૫/૨૦૨૨ થી નોંધાવતા આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯,૩૦૪-(અ),૩૩૭ તથા ધી એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ મુજબનાં ગુન્હાઓ નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતાં આ કામે હાલનું આંક-૧ નું ચાર્જશીટ કરવામાં આવેલ.

૨) તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પુર્ણ કરી તહોમતદાર વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯,૩૦૪-(અ),૩૩૭ તથા ધી એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુના આર્ચયા સબબનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરવામાં આવેલ જે અદાલતના રજીસ્ટરે ફોજદારી કેસ નંબર:-૧૦૨/૨૦૨૪ થી દાખલ થયેલ. બાદ સદર કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આ અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

૩) તહોમતદારને પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા તહોમતદાર તેમના વિ.વ.શ્રી. સાથે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ

અને તહોમતદારને સીઆર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો સુપ્રત કર્યાની ખાત્રી કરવામાં આવેલ છે. તહોમતદારનુ નિવેદન જે તે સમયના વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આંક–૦૩ થી નોંધેલ છે,જે નિવેદનમાં તહોમતદારે તેમની વિરૂધ્ધના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે.

૪) ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના સાહેદોનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૧૭ | ફરીયાદી નરેશભાઈ ભલીયાભાઈ ચરપોટાની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૮ | ફરીયાદ |
| (૨) | ૧૯ | પંચનામું |
| (૩) | ૨૦ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| (૪) | ૨૧ | પી.એમ રીપોર્ટ |

૫) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૨ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે ત્યારબાદ તહોમતદારનું સીઆર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો અદાલતના રેકર્ડ પર આવેલ ન હોવાથી તહોમતદારનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૬) બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી તેની ચર્ચા સરળતા ખાતર કારણો દરમ્યાન કરવામાં આવેલ છે.

૭) આ ફોજદારી કેસને નિર્ણિત કરવા માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે :-

**મુદા:-**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવુ પુરવાર કરી શકેલ છે કે, તા.૧૭/૩/૨૦૨૩ ના આશરે સવારના કલાક.૫/૦૦ થી કલાક:૭/૩૦ વાગ્યાના અરસામા કોઈપણ સમયે મોજે લખણપુર ગામે આ કામના ટ્રકના ચાલક આરોપીએ તેના કબજાની ટ્રક નં.NL.01.AB.9305 ની પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ટ્રકને પલટી ખવડાવી અકસ્માત કરી ટ્રકના ક્લીનર સુરેશભાઈ ભલીયાભાઈ ચરપોટા ઉ.વ.૨૨ રહે.ભત્તાર તા.અર્થુના જી.બાસવાડા (રાજસ્થાન) નાઓને શરીરના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી ટ્રકના ચાલકે પોતાને શરીરે ઈજા પહોચાડી,ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯,૩૦૪-(અ),૩૭૭ તથા ધી એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો આચરેલ છે ?

૨. શું હુકમ ?

૮) **ઉપરોકત મુદા અન્વયે તારણો નીચે મુજબ છે :-**

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દા નં. ૧ થી ૩**

૯) ફરીયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનું મુલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાંક સિધ્ધાંતો લક્ષમાં લેવાં જરૂરી છે, જે નીચે મુજબ છે.

**૧.** ફોજદારી કાયદા મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિ:શંક પુરવાર કરવાનો રહે છે. જયારે આરોપી પક્ષ પોતાના બચાવ સંભવિતતાના સિધ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટતપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

**૨.** જયારે કોઈ કિસ્સામાં ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવારમાં કોઈ ગૌણ અને ક્ષુલ્લુક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરીયાદપક્ષના કેસને નુકશાન થતું નથી પરંતુ, જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતમાં વિરોધાભાસી અને અસંગતતાભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરીયાદ પક્ષની વિપરીત જાય.

**૩.** ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૧૩૪ લક્ષમાં લેતાં, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહી, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદોના પુરાવાની વિશ્ર્વસનીયતા મહત્વની છે.

**૪.** ફોજદારી કાયદાનો એ સિધ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કાંઈ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધીત હકીકતો અને સંજોગો આધારીત હોય છે અને તે ચુકાદો હકીકતો ઉપર આધારીત ચુકાદો ગણાય છે અને તેથી તે ચુકાદો હાથ ઉપરના કેસમની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ ઉપરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

૧૦) ઉપરોકત સિધ્ધાંતને લક્ષ્ય પર રાખી હાથ પરના કિસ્સામાં રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો તહોમતદાર વિરૂધ્ધ

જયારે ઈ.પી.કો. કલમ ૨૭૯ મુજબના આક્ષેપો કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદપક્ષે વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરવાનુ રહે છે કે, બનાવ સમયે તહોમતદાર પોતાના કબ્જાનુ વાહન બેદરકારીપુર્વક, ગફલતભરી રીતે અને/અથવા પુરઝડપે ચલાવતા હતા અને તહોમતદઢ ારના આવા કૃત્યના કારણે અકસ્માતનો બનાવ બનેલો અને તે અકસ્માતમાં ઈજા પામનારને ઈજા પહોંચેલ છે. જો કે તહોમતદાર ની પુરઝડપ અને બેદરકારીના કારણે જ અકસ્માતનો બનાવ બનેલ છે તેમ શંકારહીત પુરવાર કરવું અતિ મુશ્કેલ હોય છે જેથી ફરીયાદપક્ષે આ સબબ ઠોસ પુરાવો રજુ કરવાનો રહે છે. વળી, જયારે તહોમતદાર વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ સબબના આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદપક્ષે પ્રથમ તહોમતદારની વાહન ચાલક તરીકે ઓળખ પ્રસ્થાપિત કરવી જરુરી છે.

૧૧) ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કીસ્સામાં રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી નરેશભાઈ ભલીયાભાઈ ચરપોટાને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે પુરાવો આપેલ છે કે,અમો બે ભાઈ હતા.મારા ભાઈનુ નામ સુરેશ હતુ. બનાવ આજથી બે –ત્રણ વર્ષ પહેલા બનેલો તે દિવસે હું મારા ઘરે હતો ત્યારે દસેક વાગ્યાના સુમારે વિજયપાલનો મને ફોન આવેલો અને વાત કરેલી કે તમારા ભાઈ સુરેશ તથા પવનભાઈ બંને જણા ટ્રક લઈને બાંસવાડા થી લુણાવાડા જતા હતા ત્યારે ઝાલોદ રોડ ઉપર અકસ્માત થયેલ છે અને તમારો ભાઈ મરણ ગયેલ છે જેથી અમો સીધા સુખસર દવાખાને આવેલા અને જોયેલ તો મારા ભાઈ સુરેશની

લાશ મડદાકોટડીમાં પડેલ હતી.જે અકસ્માત બાબતે મે સુખસર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલી આ અકસ્માત વખતે ટ્રક કોણ ચલાવતુ હતુ તે મને ખબર નથી.ટ્રકનો નંબર પણ મે જોયેલો નહી કે ફરીયાદમાં લખાવેલો નહી.

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે,એ વાત નો સ્વીકાર કરે છે કે,બનાવ વખતે ટ્રક કોણ ચલાવતુ હતુ અને ટ્રકનો નંબર શું હતો તેની મને ખબર નથી, બનાવ બનતો મે નજરે જોયેલો નથી.

૧૨) ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ ઉપરોકત ફરીયાદીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી. ફરીયાદીએ તેઓના પુરાવામાં હાલના આરોપી ચાલકને ઓળખી બતાવેલા નથી. ફરીયાદીના પુરાવાથી માત્ર અકસ્માત થયેલ હોવાની હકીકત અને આ અકસ્માતમાં તેઓની ભાઈને ગંભીર ઈજાઓ થવાથી મરણ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ આ અકસ્માત હાલના આરોપીની બેદરકારી અથવા તો પુરઝડપે ડ્રાઈવીંગના કારણે થયેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ ફરીયાદીએ સદર બનાવ નજરે જોયેલ ના હોઈ તેમજ સદર બનાવની જાણ તેઓને ફોન થી થયેલ હોઈ, સદર સાહેદનો પુરાવો હીયરસે પુરાવો હોઈ, ફરીયાદીના આવા હીયરસે પુરાવા ઉપર આધાર રાખી હાલના આરોપીને સદર ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય નહી. વધુમાં પંચ સાહેદના પુરાવાથી અકસ્માતનો બનાવ હાલના આરોપીની બેદરકારી અને નિષ્કાળજીથી વાહન ચલાવવાથી બનેલ હતો તેવી હકીકત પુરવાર થતી નથી.તેથી ફરીયાદપક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામાંની હકીકતો પણ પુરવાર કરી

શકેલા નથી. આમ ઉપરોકત તમામ ચર્ચા લક્ષ્ય પર લેવામાં આવે તો ફરીયાદપક્ષ ધ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેનાથીતહોમતદારની વાહન ચાલક તરીકેની ઓળખ પ્રસ્થાપિત થયેલ નથી અને તે રીતે રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાથી આરોપી વિરુધ્ધ કોઈ જ આક્ષેપો શંકારહીત પુરવાર થયેલ ન હોવાથી મુદ્દા નં. ૧ થી નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૫(૧) અન્વયે આરોપી પવનલાલ સોહનલાલ ચરપોટા, રહે.ધાલોલાપાડા,ભત્તાર,તા .અર્થુના,જી.બાંસવાડાનાઓને ઈ.પી.કો કલમ–૨૭૯,૩૦૪(અ) ,૩૭૭ તથા ધી એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનો ચુકાદો, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે (શરદ જેઠાલાલ સાવલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નં.૯૮૬૨/ ૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬, (તા.૫/૭/૨૦૧૬)

(૩) મુદામાલ અંગે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ કાયદા મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ફતેપુરા.
તારીખ : ૦૫/૦૬/૨૦૨૬

**(કુલદીપ આર. શર્મા)**
જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ફતેપુરા
**કોડ નં.જી.જે.૦૧૬૪૧**